મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

આજનું પંચાંગ

ઉદિત તિથિ	કૃષ્ણ પક્ષ ષષ્ઠી દિવસે અને રાત્રે
વાર	શુક્ર
નક્ષત્ર	પુનર્વસુ દિવસે અને રાત્રે
કરણ	ગજ સાંજે ૭:૦૪ સુધી, ત્યાર બાદ વણિજ
યોગ	સિદ્ધ સવારે ૬:૫૩ સુધી, ત્યાર બાદ સાધ્ય ૭ નવેમ્બરના ૬:૨૨ સુધી
આજની રાશિ	મિથુન ૭ નવેમ્બરના ૧:૪૯ સુધી, ત્યાર બાદ કર્ક
રાશિના અક્ષરો	ક. છ. ઘ. ૭ નવેમ્બરના ૧:૪૯ સુધી, ત્યાર બાદ ડ. અને હ

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ (અ. લ. ઈ.)
આજે મહત્વની મિટિંગ ન કરો તો સારું. મિટિંગ થાય તો પણ કોઈ નિર્ણય સુધી પહોંચવામાં તકલીફ પડી શકે. કોઈ પણ બાબતે બંને પાસાંઓ અંગે વિચારો આવે. જો કોઈને ઈ-મેઈલ પણ કરવાનો હોય, તો એમ વિચાર આવે કે 'શું લખું?'લ્ર. આજે આપને આવનારા દિવસોનું પ્લાનિંગ કરવું હોય, તો કરી શકો. વૈચારિક રીતે મજબૂત દિવસ છે.

વૃષભ (બ. વ. ઉ.)
આજે આપના પરિવારજનો આપના માટે શું વિચારે છે, તે મહત્વનું રહેશે. આપ એવો પ્રયાસ કરશો કે તે લોકો ખુશ રહે. ધનનો સંચય કરવો? ખર્ચ કરવો? ઈન્વેસ્ટ કરવું? કયા સેક્ટરમાં રોકાણ કરવું? આ બધા વિચારો આપને માનસિક રીતે વ્યસ્ત રાખે. આજના દિવસે પોતાની સફળતાનો માપદંડ આર્થિક પાસું છે – એવું લાગ્યા કરે, એટલે નિર્ણયો પણ તે દિશામાં રહેશે.

મિથુન (ક. છ. ઘ)
આ દિવસ આપનો દિવસ છે. સરસ કામો થશે. વિચારો આજે મૂર્તિમંત થશે. ભૂતકાળમાં કરેલાં સંવાદો અને મેળવેલા વાયદાઓનું પરિણામ આજે જોવા મળશે. જે લોકો આપને સમજી શકે છે, તેવા લોકો સાથે સંવાદો થશે. સ્પષ્તામાં વધારો થતાં, આપને સારું લાગશે.

કર્ક (ડ. હ.)
કોઈક દિવસ એવું થાય કે બધી વસ્તુઓ સ્પર્શી ન શકે. આજે એવો દિવસ છે કે જેમાં લાગણી બુદ્ધી અને તર્ક ધારદાર થઈ જાય. જો તાર્કિક રીતે કોઈ વસ્તુ આપના મગજમાં ન બેસે તો આપ તે વસ્તુને પ્રાધાન્ય ન આપો અથવા તે દિશામાં કામ ન કરો એવું બને. આજે ઘણું જૂનું છોડવાનો અને નવું અપનાવવાનો દિવસ છે, એમાં વ્યસનનો પણ સમાવેશ થાય છે. કુટેવ છૂટી શકે.

સિંહ (મ. ટ.)
આપના માટે મિત્રો હાજરાહજૂર હશે. એમનું એમ કહેવું કે 'હું છું ને યાર, ડોન્ટ વરીલ્ર એવું કહેનાર લોકો આપની સાથે હશે, તેનો આપને આનંદ પણ હશે. બીજા લોકોને આપે અત્યાર સુધી જે મદદ કરી છે, તેનું વળતર જાણે વિધાતા આપને આપે છે, તેવું લાગશે. જુના રોકાણો આજે લાભ આપી જાય તેવી શક્યતાઓ મજબૂત છે.

કન્યા (પ. ઠ. ણ)
આજે મજાનો દિવસ છે. તર્ક શક્તિ મજબૂત હશે. એનો લાભ જોબ કે બિઝનેસમાં થશે. બીજા લોકો સાથેના ડિલિંગમાં આપ સરસ નેગોશિએશન કરી શકશો. બિઝનેસમાં નવા ઓર્ડર્સ મળશે. નોકરીમાં સુપીરીયર્સ આપના કામને બિરદાવે જેથી આપના આનંદમાં વધારો થાય. દિવસ આપની તરફેણમાં છે. તેનો વધુમાં વધુ લાભ લેજો.

તુલા (ર. ત.)
આજે પૂરા આત્મવિશ્વાસ સાથે દિવસ શરુ કરજો અને તે જ આત્મવિશ્વાસ ટકાવી રાખજો. ઘણી વાર એવું થતું હોય છે કે આત્મવિશ્વાસથી જ અમુક કામો સરસ રીતે પાર પડતાં હોય. આજનો દિવસ પણ એવો જ છે. આજે બધાં પાસાં પોબાર છે, પણ એનો મતલબ એમ નહીં કે જુગાર/શેર બજારમાં રમવું. ગણિત સાચાં ત્યારે જ પડે જ્યારે ગેઈમ આપણને બરાબર આવડતી હોય.

વૃશ્ચિક (ન. ય.)
આજનો દિવસ માધ્યમ કહી શકાય. આજના દિવસે આપ આધ્યાત્મિક બનશો તો સારું રહેશે. જો આપનો પ્રયાસ જીવનની આંટીઘૂટી સમજવાનો હોય, તો આજે તે સમજાશે. આજે એ પણ ખ્યાલ આવશે કે પૂર્વગ્રહો પોતાને જ નુકસાન કરતાં હોય છે. જો આપનું કોઈની સાથે જોઈન્ટ બેંક અકાઉન્ટ હોય તો તે અંગે કોઈ પ્રવૃત્તિ થશે.

ધન (ભ. ફ. ધ. ઢ)
આપ સતત છવાયેલાં રહેશો. લોકોની નજર આપની ઉપર રહેશે. આપ શું કહો છો, કેવું વર્તો છો અને કેવું વિચારો છો – તે બાબત ઉપર ઘણી વસ્તુઓનો મદાર રહેશે. આપનું વર્તન સતત એવું રહેશે કે જેમાં લોકોનો દૃષ્ટિકોણ સમાવિષ્ટ હોય. પોતાના માટે નહીં, આપ જાણે બીજા લોકો માટે જીવી રહ્યાં હોવ, તેવું લાગશે. પ્રિય પાત્ર વધુ પ્રિય બનશે.

મકર (ખ. જ.)
આજના દિવસે જે લોકો સાથે આપ કામ કરી રહ્યાં છો, તે લોકો આપની સલાહ લેશે. આપ પ્રેક્ટિકલ છો, તેથી એવું નહીં બને કે આપ ખોટી સલાહ આપી બેસો. દિવસ હેકટિક રહેવાનો છે. આપ વ્યસ્ત રહેવાના છો, પણ એ આપના માટે બિલકુલ નવું નથી. હા, ઘર કરતાં પોતાના કાર્યક્ષેત્ર પરત્વે આપ વધુ ધ્યાન આપશો.

કુંભ (ગ. શ. સ.)
આજના દિવસે આપના જીવનમાં તર્કનું વિશેષ પ્રાધાન્ય રહેશે. એવું થશે કે આપ દરેક બાબતને લોજીકલી ચકાસવા પ્રયાસ કરશો. આજે જે કશું પણ બને છે, તે અસ્થાયી છે, તેવું સમજજો. બધું બહુ બદલાવાનું છે, એટલે એક જ વસ્તુ પર ગાંઠ બાંધીને ન બેસી જતાં. પિક્ચર અભી બાકી હૈ. આગે આગે દેખિયે હોતા હૈ ક્યા. કામના નવા આયામો ખુલશે.

મીન (દ. ચ. ઝ. થ)
ગઈકાલ કરતાં આજનો દિવસ થોડો વધુ સારો છે. આજે સ્પષ્ટતા વધારે છે, પણ એનો અર્થ એમ નહીં કે દ્વિધા નથી. આપ નિર્ધારિત દિશામાં આગળ વધી અને લક્ષ્ય સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યાં છો. આપની નજર ટાર્ગેટ ઉપર છે. વચ્ચે વિઘ્નો આવશે પણ આપ મંઝિલની નિકટ તો પહોંચી જ જશો, ફોર શ્યોર.

રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૯૯૦ કેસ

છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૫૫ને ડિસ્ચાર્જ કરાયા : રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૨૧૩૬૬૮ ટેસ્ટ કરાયા તેમજ ૧૬૧૫૨૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં કોરોનાની સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો હોય તેવું દેખાઇ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ ને નીચે પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૯૯૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૭૫ દર્દીઓ સાજા થઇને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૬૧૫૨૫ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૦.૯૫ ટકા થઇ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૧૫૪૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૯૩.૦૨ પ્રતિ મિલિયન થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૩૧૩૬૬૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૦૧૭૯૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૦૧૬૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જ્યારે ૯૮ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઇન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઇ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૦.૯૫ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨૩૨૬ એક્ટિવ કેસ છે.

વેન્ટિલેટર ઉપર ૬૭ છે. જ્યારે ૧૨૨૫૯ લોકો સ્ટેબલ છે. ૧૬૧૫૨૫ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૪૭ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૨, સુરત કોર્પોરેશન ૨, દાહોદ ૧, સુરત ૧, ગાંધીનગર ૧ સહિત કુલ ૭ દર્દીઓનાં કોરોના વાયરસના કારણે મોત નિપજ્યાં છે.

અરવલ્લી એલસીબી પોલીસની કાબીલે દાદ કામગીરી

ચાંદટેકરી વિસ્તારમાં ઘરને કોર્ડન કરી કુખ્યાત પશુ ચોરને દબોચ્યો, ૨૦થી વધુ ચોરીમાં હતો વોન્ટેડ

મોડાસા, તા. ૫

નવનિયુક્ત ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને અરવલ્લી એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં પ્રોહિબિશનની શન્ન કાર્યવાહી, ચોરી લૂંટના વણઉકેલ્યા ગુન્હાનોનો ઝડપથી ભેદ ઉકેલાઈ રહ્યો છે. મોડાસા નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલા અને પશુ તસ્કરીમાં બદનામ થયેલ ચાંદ ટેકરી વિસ્તારમાં એકલ દોકલ પોલીસ જીપમાં રેડ કરવી ઉચીત ન હોવાનું ખુદ પોલીસ તંત્ર માની રહ્યું છે, ત્યારે અરવલ્લી એલસીબી પોલીસે ચાંદટેકરીના કુખ્યાત પશુ ચોર અને ઘરફોડ ચોરીના આરોપી આરીફ ખ્યાલી બુલાખી મુલતાનીને ઘરેથી ઉઠાવી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

અરવલ્લી ડીવાયએસપી ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ અરવલ્લી એલસીબી પીઆઇ આર.કે. પરમાર અને તેમની ટીમે ઉત્તર ગુજરાતમાં તરખાટ મચાવનાર પશુ ચોરી અને ઘરફોડ ચોરી કરતી ગેંગનો મુખિયા અને

પશુઓને ગણતરીના સેકન્ડમાં ઉઠાવી વાહનમાં નાખી દેતા આરીફ ખ્યાલી બુલાખી મુલતાની ઘરે હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે ચાંદટેકરી વિસ્તારમાં રેડ કરી આરીફ ખ્યાલી મુલતાનીના ઘરને કોર્ડન કરી ઉઘતો ઝડપી લીધો હતો. કુખ્યાત પશુ ચોર આરીફ ખ્યાલી મુલતાની સામે ઉત્તર ગુજરાતના વિવિધ પોલીસ સ્ટેશનમાં ૧૧ જેટલા પશુ ચોરી અને ઘરફોડ ચોરીના ગુન્હામાં નોંધાયેલા હોવાનું બહાર આવ્યું હતું.

હિંમતનગર સિવિલના કોરોના વોર્ડમાં સાઉન્ડ સિસ્ટમ ગોઠવાઈ

દર્દીઓ માનસિક રીતે સ્વસ્થ થાય તે માટે વાંચનાલય અને નાદયોગ શરૂ કરાયો

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં કોરોના મહામારીને લઈને કુલ પોઝીટીવ આંક ૧૨૦૦ થી વધી ગયો છે ત્યારે તે પૈકીના અનેક દર્દીઓએ હિંમતનગર સિવિલમાં સારવાર લીધી છે. પરંતુ સતત ચાલુ રહેતી બિમારીને કારણે રોજબરોજ કોરોના પોઝીટીવના દર્દીઓ સિવિલમાં સારવાર માટે આવે છે ત્યારે તેઓ માનસિક અને સારિરીક રીતે સ્વસ્થ રહે તે માટે સિવિલ સત્તાવાળાઓ દ્વારા લાયબ્રેરી, સાઉન્ડ સિસ્ટમ અને યોગ કરવા માટે સગવડો ઉપલબ્ધ કરાવી છે જેના લીધે કોરોનાના દર્દીઓને મુક્ત અને ઘર જેવુ વાતાવરણ મળી શકશે.

આ અંગે સિવિલના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના અનેક સ્થળેથી કોરોના પોઝીટીવનો ભોગ બનેલા અને મધ્યમ તથા સામાન્ય વર્ગમાંથી આવતા દર્દીઓને ઓછામાં ઓછા ૧૪ થી ૨૧ દિવસ સુધી સારવાર લેવા સિવિલમાં તૈયાર કરાયેલા કોરોના વોર્ડમાં રહેવુ પડે છે. જોકે આ દર્દીઓ પરીવાર કે અન્ય કોઈના સંપર્કમાં આવી શકતા નથી જેથી તેઓ સતત માનસિક રીતે અસ્વસ્થ રહે છે. જે અંગે સિવિલ સત્તાવાળાઓએ અનુભવના આધારે કોરોના દર્દીઓને મુક્ત તથા ઘર જેવુ વાતાવરણ મળે તે અંગે વિચારણા કરી હતી.

જેના ભાગરૂપે સિવિલના કોરોના વોર્ડમાં દાખલ થયેલા દર્દીઓ અને સ્ટાફ માટે વાંચન માટે લાયબ્રેરી, હળવુ સંગીત અને કસરત માટે અલાયદી વ્યવસ્થા ઉપલબ્ધ કરાઈ છે. જેના લીધે દર્દીઓને સારિરીક સાથે માનસિક સ્વસ્થતા પણ અનુભવી શકશે. જોકે શ્રીમંત પરીવારના દર્દીઓ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવા જતા રહે છે જેથી તેમને કોઈ ખાસ તકલીફ પડતી નથી. પરંતુ સિવિલમાં દાખલ થનાર દર્દીઓ જલ્દી સ્વસ્થ થાય તેમ સિવિલનો સ્ટાફ ઈચ્છે છે. જેથી કોરોનાના દર્દીઓ માટે કોરોના વોર્ડમાં ઉપલબ્ધ કરાવાયેલી સગવડોને લીધે દર્દીઓ જલ્દી સાજા થઈને નવજીવન પ્રાપ્ત કરે તે આશયથી સગવડો ઉભી કરાઈ હોવાનું સિવિલના સૂત્રોમાંથી જણાવાયુ છે. ઉલ્લેખનીય છે કે બુધવાર સુધીમાં હિંમતનગર સિવિલમાં લગભગ ૨૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ હોવાનું મનાય છે.

દિવાળી આવતા જ મોડાસા શહેરમાં ફ્લોર ફેક્ટરીઓમાં ભૂલાયા નિયમો

મોડાસા, તા. ૫

કોરોના વાઈરસની મહામારીમાં અનેક નિયમો બદલાયા છે અને તેમાં પણ ખાસ કરીને ખાણીપીણી સેવાઓ આપતી દુકાનોના સંચાલકો લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા હોય તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. શહેરમાં ચાલતી મોટા ભાગની ફ્લોર ફેરક્ટરીઓના સંચાલકો ફૂડનું લાઈસન્સ વિના લોટનું વેચાણ કરી રહ્યા છે. ઓછી મહેનતે વધારે કમાવાની લ્હાયમાં વધારે નફો મેળવી સરકારી નિયમોને તાક પર મુકી રહ્યા હોય તેનું લાગી રહ્યું છે. કોરોના વાઈરસની મહામારીમાં લોટ દળવો સહેલો નથી કારણે આ કામકાજ દરમિયાન ખાંસી આવવાની શક્યતાઓ વધી જતી હોય છે, લોટ ઉડવાને કારણે શરીરમાં તેના રજકણો જાય છે અને ખાંસી શરૂ થઇ જવાની સમસ્યાઓ જોવા મળે છે, પણ ફ્લોર ફેક્ટરી સંચાલકો મોંઢે માસ્ક પણ નથી પહેરતા અને લોકોને સંક્રમિત હાથે લોટ આપી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા હોય તેનું સ્પષ્ટપણ જોવા મળે છે.

મોડાસા ચાર રસ્તા તેમજ જીઈબીની આસપાસ ફ્લોર ફેક્ટરીમાં પણ આવા જ પ્રકારની કામગીરી જોવા મળી રહી છે. એક જ દુકનામાં બે દુકાનો શરૂ કરી દેવાઈ છે, અને ફૂડના લાઈસન્સ વિના જ લોટનું વેચાણ કરવામાં આવતું હોવાની બુમો ઉઠી રહી છે. અહીં દળવામાં આવતું અનાજ અલગ અલગ વ્યક્તિઓનું હોય છે, અને ઘટ મુજબ કાપ કરીને વધેલા લોટનું વેચાણ કરીને આંધણી કમાણી કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવતા હોય છે, ત્યારે આવા ફ્લોર ફેક્ટરીઓમાં તપાસ કરવી જોઈએ અને ફૂડ સેફ્ટી અને ગુમાસ્તા ધારા સહિતના લાઈસન્સ અંગે ચકાસણી ખૂબ જ જરૂરી બને છે, કારણ કે, આગામી દિવસોમાં દિવાળીનો તહેવાર પણ આવી રહ્યો છે, ત્યારે મોટી સંખ્યામાં લોકો અનાજ દળવા માટે આવતા હોય છે, પણ કમાવાની લ્હાયમાં સંચાલકો બધુ જ ભૂલી જતા હોય તેવું લાગી રહ્યું છે.

અરવલ્લી જીલ્લામાં તોલમાપના અધિકારીઓ કે કર્મચારીઓ શોધવા જવા પડે તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે કેટલાક ફ્લોર ફેક્ટરીના માલીકો વજન કાંટામાં છેડછાડ કરી લોકોને લૂંટી રહ્યા હોવાની બૂમો ઉઠી છે ત્યારે આવા લેભાગુ ફ્લોર ફેક્ટરી પર તોલમાપ વિભાગ તપાસ હાથધર તેવી લોકમાંગ પ્રબળ બની છે.

૧૮ને ડિસ્ચાર્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૨૭ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૬૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને ૫૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે એસ.વી.પી.માં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૫ માંથી ૬૬ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૧૬ માં રહેતા અને ટેક્ષી ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૩૦ માં રહેતા અને સે. ૧૧ની બેંક ઓફ બરોડામાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ઈન્ફોસીટીમાં રહેતી અને નાઈપર ઈન્સ્ટીટ્યુટમાં અભ્યાસ કરતી ૨૩ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં હાલ ૧૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

અડ્ડો જમાવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં ઘ-૭ પાસે સ્થિત ફાટકથી આગળના ચરેડી વિસ્તારમાં હાલ ઝુંપડાવાસીઓએ અડ્ડો જમાવ્યો છે. હાલ ઝુંપડાઓની સંખ્યા વધતા ચરેડી પાસે મુખ્યમાર્ગો આસપાસ સ્થિત ફુટપાથ પર ઝુંપડા તાંણી બાંધવામા આવ્યા છે. ત્યારે ઝુંપડાઓની વધતી સંખ્યાને નિયંત્રણમાં રાખવા માટે પણ કોઈ આયોજન થતુ નથી. જેના લીધે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં આગામી દિવસોમાં ઝુંપડાઓના દબાણોનુ પ્રમાણ તંત્ર માટે નવી સમસ્યારૂપ બનશે તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરના સેકટરોના આંતરિક વિસ્તારમાં દબાણો વધ્યા છે. જયારે મુખ્યમાર્ગો પર દુવિધાઓથી ઘેરાયેલી ફુટપાથ હવે દબાણોની ગિરફતમાં આવી ગઈ છે.

આગેકૂચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેરાત થવાની સંભાવના છે. ઐતિહાસિક ચૂંટણીમાં જો બિડેનને ૭.૨ કરોડ મત મળ્યા છે જે અત્યાર સુધીમાં કોઈપણ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મળેલા સૌથી વધુ મત છે. જ્યારે બીજીતરફ ડોનાલ્ડ ટ્રમ્પને ૬.૮ કરોડ મત મળ્યા છે. દરમિયાન અમેરિકામાં અનેક સ્થળોએ લોકોએ ટ્રમ્પના સમર્થનમાં વિરોધ પ્રદર્શનો શરૂ કરી દીધા છે તથા આ દરમિયાન હિંસાનો ભય સેવવામાં આવી રહ્યો છે.

અગાઉ ટ્રમ્પ તેમજ બિડેને કેટલાક મહત્વના રાજ્યોમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. મંગળવારે યુએસ રાષ્ટ્રપતિ માટેની ચૂંટણી સંપન્ન થઈ હતી અને ત્યારબાદ મતગણતરી હાથ ધરવામાં આવી છે. ચાર રાજ્યો જ્યોર્જિયા, પેનસિલ્વેનિયા, નોર્થ કેરોલિના અને નેવાડાના પરિણામ હજુ જાહેર થવાના બાકી છે. આ વખતે કોરોના મહામારીને પગલે કેટલાક સપ્તાહ અગાઉ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન શરૂ કરાયું હતું. ત્યારબાદ નવેમ્બરના પ્રથમ મંગળવારે ચૂંટણીનું મુખ્ય મતદાન થયું હતું.

સીરમની રસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિણામો આવતા મહિને આવી શકે છે. એસઆઈઆઈએ જણાવ્યું છે કે ભારતમાં રસીના ટ્રાયલ દરમિયાન રસી લગાવનાર વોલન્ટીયર્સના આરોગ્યની સુરક્ષા સંબંધિત કોઈ સમસ્યા આવી નથી.

પૂનાવાલાએ કહ્યું કે ભારત અને યુકેમાં સફળ ટ્રાયલ બાદ રસી ક્યારે આવશે તેનો આધાર તેને ક્યારે મંજૂરી મળે છે તેના પર રહેશે. જો બધું અપેક્ષા મુજબ થાય છે તો જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં રસી આવી શકે છે. પરંતુ રસીનું અસરકારક અને સલામત રહેવું મહત્વપૂર્ણ છે. આ વાતને ધ્યાને રાખીને તેમણે કહ્યું કે કોવિસીલ્ડ રસી વિશે ચિંતા કરવાની કોઈ વાત નથી. પૂનાવાલાના મતે ભારતમાં હજારો લોકોને રસી આપવામાં આવી છે. જો કે, તેમણે કહ્યું કે રસીના લાંબા ગાળાના પ્રભાવોને શોધવા માટે બેથી ત્રણ વર્ષનો સમય લાગશે.

અંતિમ ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

થયા હતા. ત્યારબાદથી તેમણે એક પણ ચૂંટણી લડી નહતી. તેમણે વર્ષ ૧૯૭૨માં બિહાર એન્જિનિયરિંગ કોલેજમાંથી અભ્યાસ કર્યો હતો. તેમણે થોડા સમય માટે બિહાર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડમાં પણ નોકરી કરી હતી. પરંતુ જયપ્રકાશ નારાયણ, રામ મનોહર લોહિયા જેવા નેતાઓના સંપર્કમાં આવ્યા બાદ નીતીશ કુમારે પણ રાજકારણમાં ડગલા માંડ્યા અને ચાલતા જ રહ્યા.

જામીન ફગાવ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાઈકોર્ટમાં પોન્ડાએ જણાવ્યું હતું કે, હું હાઈકોર્ટને અપીલ કરું છું કે તેઓ જામીન મંજૂર કરે. પોન્ડા અને હરિશ સાલ્વે ગોસ્વામીનો કેસ લડી રહ્યા છે અને તેમણે ગોસ્વામીની ધરપકડને ગેરકાયદેસર ગણાવી હતી.

પોન્ડાએ જણાવ્યું હતું કે સુનાવણીમાં ઝડપ દાખવવામાં આવે કેમ કે શુક્રવાર દિવાળી વેકેશન પહેલાનો અંતિમ વર્કિંગ દિવસ છે. પરંતુ જસ્ટિસ એસએસ શિન્દે અને જસ્ટિસ એમએસ કાર્ણિકની હાઈકોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે આ મામલામાં તમામ પક્ષોને સાંભળ્યા વગર નિર્ણય આપી શકાય નહીં. તેવામાં સરકાર અને ફરિયાદકર્તા સહિત તમામ પક્ષોને જવાબ રજૂ કરવા માટે શુક્રવારે બપોરે ૩ વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે.

અર્નબની ધરપકડનો મામલો ૨૦૧૮નો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે રિપબ્લિક ટીવીનો સ્ટૂડિયો તૈયાર કરનારી કંપની કોક્રોર્ડ ડિઝાઈન પ્રાઈવેટ લિમિટેડના એમડી અન્વય નાઈક અને તેમની માતાએ ૨૦૧૮મા આત્મહત્યા કરી હતી.

વધુ ૧૬ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત હાલીસા ગામેથી ૨૧ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકામાંથી પણ આજે બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. ઈટાદરા ગામેથી ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈશ્વરપુરા ગામેથી ૨૬ વર્ષીય યુવા કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલમાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાંથી એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને અર્બન વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે. કલોલમાં પુનઃ કેસો વધતાં તંત્ર વધુ સતર્ક બન્યુ છે અને તેણે સઘન સર્વેલન્સની તાકીદ કરી છે.

કલોલના પીયજ ગામેથી ૨૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૨૯ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અર્બન-૨ વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જ્યારે ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨૪૩૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૩૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૩,૧૮૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

શાળા-કોલેજ શરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચર્ચા કરીને તૈયારી કરવા કહ્યુ હતુ. મુખ્યમંત્રીએ મંત્રી મંડળના સભ્યોને પણ ધારાસભ્યો સહિત જનપ્રતિનિધિઓ પાસેથી ફરીથી ફિજિકલ એજ્યુકેશન શરૂ કરવા માટે પ્રતિભાવો માંગ્યા હોવાનું જણાવતા ટોચના અધિકારીએ કહ્યુ કે, હાલમાં દિલ્હીમાં કોરોનાના કેસોમાં ફરીથી ઉછાળો શરૂ થયો છે. ગુજરાતમાં આવી સ્થિતિ નહિ સર્જાય તો બે સપ્તાહમાં જ સ્કૂલો- કોલેજો શરૂ કરવાનો નિર્ણય લેવાશે. જેમાં સૌ પ્રથમ કોલેજો, મહાવિદ્યાલયો અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ધોરણ ૧૨થી ૯ અને ત્યારબાદ ઉતરતા ક્રમે સ્કૂલો શરૂ કરવા તરફ આગળ વધવાનો કાર્યક્રમ જાહેર થશે.

ક્લાસરૂમમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાય તેના માટે આંતરે દિવસે બે- ત્રણ ભાગમાં વિદ્યાર્થીઓને બોલાવવાથી લઈને નવા નિયમો હેઠળ વર્તમાન શૈક્ષણિક વર્ષનું શિક્ષણ કાર્ય આગળ વધારાશે. ગુજરાતમાં કોરોના વાઈરસથી ચેપગ્રસ્ત નાગરીકોના દૈનિક કેસની સંખ્યા, હોસ્પિટલમાં સ